ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૪૦/૨૦-૨૧/ 4192 તારીખ : - 7 DEC 2020

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી ડોડીયા ચંદુભાઈ ભવાનભાઈ,**
રહે.મું.પો.બાકરથળી,
તા.વઢવાણ,
**જી.સુરેન્દ્રનગર.**
**મો.નં.**

કેસ નં.૪૦/૨૦-૨૧

**વિષય : નવા વિજ કનેકશન મળવામાં વિલંબ થવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો આપના પ્રતિનિધિ મારફત પત્ર તા.૮/૯/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૧/૯/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૦/૨૦-૨૧/૩૨૪૦ તા.૧૮/૦૯/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૦/૨૦-૨૧/૩૯૪૧ તા.૧૧/૧૧/૨૦૨૦.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૪/૧૧/૨૦૨૦** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણઃ- ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.

*......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર – ૪૦/૨૦–૨૧**

વાદી :– **શ્રી ચંદુભાઈ ભવાનભાઈ ડોડીયા**

**વિરૂધ્ધ**

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

**રજુઆતની તારીખઃ– તા.૨૪/૧૧/૨૦૨૦**

હાજર રહયા :– **શ્રી ચંદુભાઈ ભવાનભાઈ ડોડીયા – (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એચ.પી.રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી ચંદુભાઈ ભવાનભાઈ ડોડીયા, મું.પો.બાકરથળી, તા.વઢવાણ, જી.સુરેન્દ્રનગર ની નવા વિજ કનેકશન મળવામાં વિલંબ થવા અંગેની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૪૦/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૦/૨૦–૨૧/૩૨૪૦ તા.૧૮/૦૯/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૪/૧૧/૨૦૨૦,**નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી ચંદુભાઈ ભવાનભાઈ ડોડીયા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એચ.પી.રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

**વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદી શ્રી ડોડીયા ચંદુભાઈ ભવાનભાઈ, ગામ–બાકરથળી તા.વઢવાણ ના રહેવાસી છે.

૧.૨ વાદી દ્વારા રેવન્યુ સર્વે નં–૪૦૨ માં બાળા ખાતે આવેલ જમીન માં ખેતીવાડી નવું વિજ કનેકશન મેળવવા માટે તા. ૧૫/૨/૨૦૧૬ ના રોજ રૂ.૨૦૦/– ભરપાઈ કરી અરજી કરેલ હતી.



Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૩ વાદી ને માંગેલ વિજ કનેકશન માટે પેટા વિભાગીય કચેરી દ્વારા આપવામાં આવેલ કુલ અંદાજપત્ર રૂા.૮૦૫૩/– તા.૧૦/૬/૨૦૨૦ ના રોજ (એગ્રીમેન્ટ માટે રૂા.૩૦૦/–, લાઈનચાર્જ માટે રૂા. ૧૨૫૩/– અને સીક્યુરીટી ડિપોઝીટ માટે રૂા.૬૫૦૦/– ) ભરપાઈ કરવામાં આવેલ હતા.

૧.૪ વાદી દ્વારા નવા વિજ કનેકશન માટે આપવામાં આવેલ અંદાજપત્ર નિયત સમયમાં ભરપાઈ કરેલ હોવા છતાં, સદર બાબતે ઓફીસમાં તપાસ કરતાં, કોઈ યોગ્ય જવાબ મળેલ નથી તેમજ વિજ કનેકશન પણ ચાલુ કરી આપેલ નથી. તેઓની રજૂઆત છે કે, ખરેખર વિજ કનેકશન નું અંદાજપત્ર ભરપાઈ થયા બાદ ૧૫ દિવસમાં વિજ કનેકશન આપવામાં આવતું હોય છે.

૧.૫ આમ, વાદી એ માંગેલ વિજ કનેકશન આપવા માટે જરૂરી કાર્યવાહી કરવા રજૂઆત કરેલ છે.

☛ **<u>પ્રતિવાદીશ્રીની રજૂઆતઃ– તેમની રજૂઆત છે કે,</u>**

૨.૧ વાદીની રજૂઆત મુજબ જે વિજ કનેકશન માંગેલ છે, તેનું અંદાજપત્રક તા.૧૦/૦૬/૨૦૨૦ ના રોજ ભરેલ હતું.

૨.૨ વાદીનું પેઈડ પેન્ડીગ ક્રમાંક–૨૫૪૮ છે. તથા તેઓને ૩.૫ કિ.મી. ૧૧ કે.વી ની લાઈન નું કામ આવે છે. ચાલુ વર્ષમાં ચોમાસાની સીઝન સપ્ટેમ્બર મહિના સુધી તથા ચાલુ વર્ષ માં વઢવાણ તાલુકાના ગામડાઓમાં અતિભારે વરસાદ ને કારણે, સ્થળ પર કામ કરી શકાય તેમ ન હોવાથી, સદર વિજ કનેકશન ના કામમાં વિલંબ થયેલ છે. તથા તેમનું કામ અત્રેની પેટા વિભાગીય કચેરી રૂરલ ના કોન્ટ્રાકટર ને શ્રી પાવર ટ્રેક(દેવનભાઈ) ને કામ સોંપેલ છે. સ્થળ પર પોલ કાર્ટ થઈ ગયેલ છે તથા કામ પ્રગતિમાં છે.

૨.૩ સદર વિજ કનેકશનમાં જયાંથી લાઈન નું ટેપીગ કરવાનું છે, ત્યાંથી પહેલા પાંચ ગાળામાં વાવેતર થયેલ હોવાથી કામમાં વિલંબ થયેલ છે. તેમ છતાં, જો કામ કરતી વખતે કોઈ ફિલ્ડ ઓબ્જેકશન નહી આવે તો, સદર વિજ જોડાણ નું કામ તા.૫/૧૨/૨૦૨૦ પહેલાં પૂર્ણ કરી આપવામાં આવશે. જે આપ સાહેબની જાણ સારૂં.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદારશ્રી ડોડીયા ચંદુભાઈ ભવાનભાઈ એ ગામ–બાકરથળી, તા.વઢવાણ માં સર્વે નં–૪૦૨ માં ગામ બાડા ની જમીનમાં તા.૧૫/૦૨/૨૦૧૬ ના રોજ ખેતીવાડી વિજ જોડાણ માંગેલ. જે સંદર્ભમાં પ્રતિવાદી એ વાદી ને અંદાજપત્ર આપતાં, વાદીએ તા.૧૦/૦૬/૨૦૨૦ ના રોજ જરૂરી રકમ ભરી આપેલ છે.

૩.૨ વાદીએ ફોરમને રજૂઆત કરેલ છે કે, પ્રતિવાદી દ્વારા હજુ પણ તેઓને વિજ જોડાણ આપવામાં આવેલ નથી.

૩.૩ વાદી એ માંગેલ વિજ જોડાણ માટે પ્રતિવાદીએ ૧૧ કે.વી. HT લાઈન નું 3.5 KM નું કામ કરી વિજ જોડાણ આપવાનું થાય છે. સપ્ટેમ્બર મહિના સુધી વરસાદ ચાલુ રહેલ હોય, વાદીના વિજ જોડાણ માટે થાંભલા ઉભા કરવાનું કામ થઈ શકેલ નહી. હવે, પ્રતિવાદીએ વાદીના વિજ જોડાણની લાઈન ઉભી કરવા માટે નો કોન્ટ્રાકટ આપી દીધેલ છે. તેમજ તેના માટે જરૂરી પોલ કાર્ટીંગ નું કામ પૂર્ણ થયેલ છે અને હવે લાઈનકામ શરૂ કરવામાં આવેલ છે. તેથી, વાદીનું કામ ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે તેવું પ્રતિવાદીએ જણાવેલ છે.

૩.૪ વાદીની વિજ લાઈનનું કામ પ્રગતિમાં છે, જે પ્રતિવાદીએ શકય તેટલી ઝડપથી પૂર્ણ કરવું.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

-:: હુકમ ::-

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી તારણ નં." ૩.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મેહતા)
સ્વતંત્ર સભ્યશ્રી

ગેરહાજર
(પી.એન.અજાકીયા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :- ૨૪/૧૧/૨૦૨૦.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar